જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૨/૨૦૨૨ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૫૬/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૩૮૩૭	૬૨	૮૩૮૯૯	૮૪૮૨૦	૫૭	૮૪૮૭૭
કુલ		૧૦૦૪૪૫	૬૨	૧૦૦૫૦૭	૧૦૯૩૫૭	૫૭	૧૦૯૪૧૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૮	૫,૦૦,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૫૯	૨,૫૯,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૫૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૪૦ લીટર દેશી દારૂ, ૧૭ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૧ બીયરટીન અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૫૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- **સમાચાર યાદી નં.૩૫૯/૨૦૨૨**

સાબરમતીઃ ધનશ્યામભાઇ પ્રહલાદભાઇ પરીખ (ઉ.વ.૪૧)(રહે.શુકન સ્માઇલ સીટી બલોલનગર બ્રીજના છેડે, ન્યુ રાણીપ) એ તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૮/૨૦૧૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧)મહેન્દ્રભાઇ પટેલ (૨)ધ્રુવ પટેલ (બંને રહે.સહજાનંદ ફ્લેટ ગુરૂકુલ રોડ મેમનગર) એ ભેગામળી કાવતરૂ રચી ધનશ્યામભાઇને સને-૨૦૧૪ માં અમેરીકા મોકલવાના બહાને તેમનું બેંકમાં એકાઉન્ટ ખોલાવવાના અલગ-અલગ ફોર્મમાં સહીઓ મેળવી, તા.૦૮/૧૨/૨૦૧૫ ના રોજ એક્સીસ બેંક નહેરૂનગર શાખામાં “સાંઇ એન્ટરપ્રાઇઝ” કંપનીના નામે ખાતુ ખોલાવી, ધનશ્યામભાઇના બેંક ખાતાના ચેકોમાં સહીઓ મેળવી લઇ નાણાકીય ટ્રાન્ઝેક્શનો કરી, ધનશ્યામભાઇના બેંક ખાતાનો દુરપયોગ કરી વેટ વિભાગની કુલ રૂપિયા ૩,૯૩,૪૩,૭૮૦/- પેનલ્ટી ઉભી કરી ધનશ્યામભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.પી.વાઘેલા ચલાવે છે.

શહેરકોટડાઃ હરેશભાઇ ગોકુલદાસ નેભાણી (ઉ.વ.૪૧)(રહે,શીલાલેખ એપાર્ટમેન્ટ શાહીબાગ) એ તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે જુલાઇ/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન AMJ ફુટ એન્ડ કંપનીના માલીક આરોપી (૧) મંગલભાઇ લાલચંદભાઇ ચૌહાણ અને (૨) સાધના મંગલભાઇ ચૌહાણ (રહે.ગામ-વિક્રમગઢ પાલઘર મુંબઇ મહારાષ્ટ્ર) એ ભેગામળી નરોડા રોડ ફુટ માર્કેટ ખાતે હરેશભાઇનો વિશ્વાસ કેળવી હરેશભાઇ પાસેથી સફરજન તથા કેરીનો માલ કુલ કિંમત રૂપિયા ૬૬,૧૧,૪૪૭/- નરોડા ફુટ માર્કેટ ખાતેથી મંગાવી તે માલના વેચાણના ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૨૬,૧૧,૪૪૭/- ચુકવી દઇ બાકી લેવાના નીકળતા રૂપિયા ૪૦,૦૦,૦૦૦/- આજદિન સુધી નહી ચૂકવી હરેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.પી.ચૌધરી ચલાવે છે.

નારોલઃ ઉમાપતિલાલ દયાનંદલાલ કર્ણ (ઉ.વ.૫૧)(રહે.શાંતિશુકન સોસાયટી, નારોલ ગામ, નારોલ) એ તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૫-૨૦૧૬ થી આજદીન સુધી પીપળજ પીરાણા રોડ, સૈજપુર ગોપાલપુર, "નંદન ડેનિમ લી." ખાતે આરોપી (૧) "સેલિયન્ટ ટેક્ષટાઈલ" ના માલીક શિવાકુમાર પેરીયાસામી(રહે.તિરૂમંગલમ વેલ્લાકોવીલ તાલુકો, ડીસ્ટ્રીક-તિરૂપુર તમિલનાડુ ખાતે (૨)"મારલીયા ફેબ."ના માલીક સુબિથા (રહે.ઓમ શક્તિનગર, પહેલી ગલી, કે.પી.એન. કોલોની ટર્મીનલ, તિરૂપુર, તમિલનાડુ) (૩)"મારલીયા ફેબ."ના ઓપરેટીંગ મેનેજર સીલમબરસન ઉર્ફે સિકંદર બાશા (૪) "મારલીયા ફેબ." ના ઓપરેટીંગ મેનેજર રવિ નાગરાજ (૫) "વી.એમ.ટેક્ષટાઈલ્સ" ના માલીક વી.એમ.રવી (રહે. ચેત્તીયાર સ્ટ્રીટ, વેલામપલ્યમ, તીરૂપુર તમીલનાડુ) એ ભેગામળી કાવતરૂ રચી ઉમાપતિલાલની કંપની પાસેથી "સેલીયન્ટ ટેક્ષટાઈલ" ફર્મમાં ખરીદ કરેલ ડાઈડ યાર્નના બાકી રહેતા રૂપિયા ૩૦,૫૫,૬૮૪/-, "મારલીયા ફેબ."માં ખરીદ કરેલ ડાઈડ યાર્નના બાકી રહેતા રૂપિયા ૭૮,૧૦,૭૮૭/-, "વી.એમ.ટેક્ષટાઈલ્સ" ફર્મમાં ખરીદ કરેલ ડાઈડ યાર્નના બાકી રહેતા રૂપિયા ૫૪,૭૦,૪૫૭/- તેમજ "સેલીયન્ટ ટેક્ષ મીલ્સ પ્રા.લી" ના માલીક શિવાકુમારે અલગ-અલગ નામે GST એકાઉન્ટ નામે ફર્મો બનાવી ઉમાપતિલાલની કંપનીમાંથી ખરીદ કરેલ ડાઈડ યાર્ન બાકી રહેતા રૂપિયા ૩૫,૦૦,૦૦૦/- મળી ખરીદ કરેલ ડાઈડ યાર્નના બાકી રહેતા કુલ રૂપિયા ૧,૯૮,૩૬,૯૨૮/- ઉમાપતિલાલને નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.હડિયા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૩૬૦/૨૦૨૨**

કૃષ્ણનગરઃ જગદીશકુમાર ચંદુમલ ખટવાણી (ઉ.વ.૪૮)(રહે.જયશંકર સોસાયટી ત્રિકમ માસ્તરની ગલી ઠક્કરનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૨/૨૦૨૨ ના કલાક ૭/૩૦ થી તા.૨૧/૦૨/૨૦૨૨ ના કલાક ૬/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના તથા રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭,૬૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૩૬૧/૨૦૨૨**

મણીનગરઃ ધર્મિષ્ઠાબેન ભદ્રેશકુમાર મહેતા (ઉ.વ.૬૧)(રહે.અર્બુદા સોસાયટી એલ.જી.હોસ્પિટલની સામે, મણીનગર)એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૨/૨૦૨૨ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે મણીનગર જયહિન્દ સોસાયટીની અંદરના રોડ ઉપરથી ચાલતા પસાર થતા હતા ત્યારે એક અજાણ્યો પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાનો) ધર્મિષ્ઠાબેનના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- મતાની ખેંચી તોડી લઇ, હિન્દ સોસાયટીના નાકે તેની સાથેના રીક્ષા ચાલક સાથે રીક્ષામાં બેસી નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગોસ્વામી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૩૬૨/૨૦૨૨**

નરોડાઃ લખન સ/ઓ રામચંદ્ર માખીજા (ઉ.વ.૩૨)(રહે.કૈલાશ રોયલ સીએનજી પેટ્રોલ નાનાચિલોડા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૨/૨૦૨૨ ના કલાક ૨/૩૦ થી કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા કલાક ૮/૪૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પીયુશકુમાર નાથાભાઇ ચલાવે છે.

નિકોલઃ ડિમ્પલ ઉર્ફે માનશી ડો/ઓ નરેશભાઇ બોકડે (ઉ.વ.૨૨)(રહે.તેજેન્દ્રપ્રકાશ સોસાયટી ખોડીયારનગર નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૨/૨૦૨૨ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા બપોરના ૩/૫૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.વી.પિપરોતર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.